ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,
કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બીજો માળ, વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

---

(બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા-૨૦૧૬ અન્વયે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદાની અમલવારી સબબ ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારો માટેની સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં શિક્ષણ સહાયકની પસંદગી અંગે તા.૧૨/૦૪/૨૦૧૬ ની જાહેરાતથી હાથ ધરેલ ભરતી પ્રક્રીયાના ૧ થી ૫ રાઉન્ડ પૂર્ણ થયેલ છે. પાંચ રાઉન્ડ બાદ ખાલી રહેતી જગ્યાઓ પૈકી હાલની સ્થિતિએ જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના તા.૧૬/૦૧/૨૦૨૪ના ચુકાદા અન્વયે સદર ભરતી પ્રક્રીયા હાથ ધરવાની થાય છે. જેની નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

<u>સૂચનાઓ</u> :-

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા-૨૦૧૬ અન્વયે SCA NO.15339/2020 તથા અન્ય ગ્રુપ મેટરોના ચુકાદાની અમલવારી સબબ મેરીટયાદીમાં સમાવિષ્ટ વિષયવાર, કેટેગરીવાર ખાલી જગ્યાઓના પ્રમાણમાં ઉપલબ્ધ ઉમેદવારોની યાદી વેબસાઇટ- https://www.gserc.in/ પર મુકેલ છે.
- ઉમેદવારના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટેના કોલ લેટરમાં દર્શાવેલ સુચનાઓનો યોગ્ય રીતે અભ્યાસ કરી તદનુસાર તમામ અસલ લાયકાતી પ્રમાણપત્રો /ગુણપત્રો તથા તેની એક સ્વ-પ્રમાણિત નકલ સાથે કોલ લેટરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે ઉમેદવારે પોતાના સ્વખર્ચે અચુક ઉપસ્થિત રહેવાનું રહેશે.
- જે ઉમેદવાર કોલ લેટરમાં સુચવ્યા મુજબના ડોક્યુમેન્ટ સાથે, સૂચવેલ તારીખે/સમયે અને સ્થળે ઉપસ્થિત નહિં રહે તો સદર ભરતી પ્રક્રિયા અન્વયે ઉમેદવાર પોતાનો હક્ક જતો કરવા માંગે છે તેમ માની તેનું નામ મેરીટ યાદીમાંથી બાકાત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયામાં ભાગ લેવાથી ઉમેદવારોનો સદર ભરતી પ્રક્રિયા અંગે કોઇપણ પ્રકારનો નિમણૂક માટેનો હક્ક પ્રસ્થાપિત થતો નથી જેની નોંધ લેવી.
- મેરીટ લિસ્ટ અને જિલ્લા/શાળા પસંદગી તેમજ આનુસંગીક સૂચનાઓ માટે ઉમેદવારોએ નિયમિત વેબસાઈટ ચકાસતાં રહેવું. વખતો-વખત વેબસાઈટ પર મુકવામાં આવતી સુચનાઓથી અવગત ન રહેનાર ઉમેદવારનો ભરતી પ્રક્રીયામાં કોઈ પણ તબક્કે સામેલ થવા અંગે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે.
- ડોક્યુમેન્ટ વેરીફીકેશન બાદ વેબસાઈટ પર FINAL MERIT LIST પ્રસિધ્ધ કરવામાં આવશે.
- જે ઉમેદવાર હાલ રાજ્યની સરકારી/બિનસરકારી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા હોય અને જે વિભાગ(માધ્યમિક/ઉચ્ચત્તર)માં ફરજ બજાવતા હોય

અને તે જ વિભાગમાં સદર ભરતી પ્રક્રિયાના પાંચમા રાઉન્ડમાં પસંદગી મેળવવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૬/ક, તા.૨૨/૦૩/૧૭ મુજબ નિમણૂક અધિકારીનું (જેમ કે, બિનસરકારી અનુદાનિત શાળાઓ માટે શાળામંડળનું અને સરકારી શાળાઓ માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું) અધતન સ્થિતિનું NOC મેળવી ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાનું રહેશે અને આ ઉમેદવારો પૈકી ૦૩ વર્ષથી ઓછી નોકરીવાળા ઉમેદવારે જીલ્લા/શાળા માં હાજર થતા પૂર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સમક્ષ રાજીનામુ મંજૂર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નકલ રજુ કરશે તે જ ઉમેદવાર નિમણુંકને પાત્ર ઠરશે. NOC મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન પર આવશે તો અરજી/જીલ્લા પસંદગી/શાળા પસંદગી/નિમણૂક રદ થવાને પાત્ર ઠરશે.

- સદર ભરતી પ્રક્રિયા અન્વયે પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ મેરીટ ક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવી.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે સમાવિષ્ટ કરેલ જગ્યા પૈકી કોઇપણ જગ્યા રદ કરવા અંગેનો ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે.
- દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂક તા.૧૨/૦૪/૨૦૧૬ની જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂક બાબતે નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ કેસોના આખરી ચુકાદાને આધીન રહેશે.

<u>ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાના લાયકાતી ગુણપત્રકો/પ્રમાણપત્રકો તથા અન્ય દસ્તાવેજી આધારા પુરાવા સંબંધિત સુચનાઓ:-</u>

- ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાના લાયકાતી ગુણપત્રકો/પ્રમાણપત્રકો તથા અન્ય દસ્તાવેજોની યાદી (દરેક ઉમેદવારે પોતાને લાગુ પડતી વિગતો મુજબ જરૂરી આધારો રજુ કરવાના રહેશે.)

1) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
2) જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
3) નોન-ક્રિમેલીયર સર્ટી (SEBC) (જો લાગુ પડતુ હોય તો)
4) શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
5) માજી સૈનિકનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
6) TAT માર્કશીટ
7) શૈક્ષણિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર
8) શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
9) શૈક્ષણિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
10) શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ(જો લાગુ પડતુ હોય તો)
11) વ્યાવસાયિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર
12) વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
13) વ્યાવસાયિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો)

14) વ્યાવસાયિક અનુસ્નાતક-સ્નાતકનું ટ્રાયલ સર્ટી. (જો લાગુ પડતુ હોય તો)

15) N.C.T.E./RCI ની માન્યતાનું પ્રમાણપત્ર (વ્યાવસાયિક સ્નાતક અને અનુસ્નાતકની લાયકાત માટે)

16) કમ્પ્યુટરની બેઝિક લાયકાત અન્વયે શિક્ષણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ અને તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ મુજબના લાગુ પડતા આધારો

- ➢ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલ લેટરનો યોગ્ય અભ્યાસ કરી તેમાં દર્શાવ્યા મુજબના તમામ આનુસંગિક લાયકાતના ગુણપત્રકો/પ્રમાણપત્રકો તથા અન્ય દસ્તાવેજી આધારા પુરાવાઓ અસલમાં તેમજ તેની એક(૦૧) સ્વ-પ્રમાણિત નકલો ડોક્યુમેન્ટ વેરિફિકેશન સ્થળે રૂબરૂમાં અચુક રજુ કરવાના રહેશે.
- ➢ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯ /૧૯૦૬/ગ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી હોવી જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦/૨૦૦૪૭/૧૨૦૩૨૦/ગ.૫ તથા તા. ૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ જોગવાઈઓ મુજબ રહેશે.
- ➢ વર્ષ-૨૦૧૬માં ઓનલાઇન ઉમેદવારી નોંધાવતી વખતે રજુ કરેલ તત્કાલિન (તે સમયનું) સક્ષમ અધિકારીનું કેટેગરી (જાતિ)નું પ્રમાણપત્ર જ ઉમેદવારે રૂબરૂ ડૉક્યુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્ય કોઈ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ➢ વર્ષ-૨૦૧૬માં ઓનલાઇન ઉમેદવારી નોંધાવતી વખતે રજુ કરેલ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું તત્કાલિન (તે સમયનું) સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં પ્રમાણપત્ર (ગુજરાતીમાં) રજુ કરવાનું રહેશે. જેઓએ અંગ્રેજીમાં ANNEXURE-A અંગ્રેજીમાં રજુ કરેલ હશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ➢ અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત અંગેના ગુણપત્રકો/પ્રમાણપત્રો/અનામત કેટેગરી અંગેના લાભ અંગે સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજુ કરવાના રહેશે.
- ➢ ઉમેદવાર એક કરતા વધુ પ્રયત્ને સ્નાતક/અનુસ્નાતક તેમજ વ્યાવસાયિક લાયકાત મેળવેલ હોય, તેવા કિસ્સાઓમાં સ્થાયી ઠરાવો/પરીપત્રોની જોગવાઈઓ મુજબ નિયમોનુસાર મેરીટની ગણતરી કરવામાં આવશે.
- ➢ યુ.જી.સી માન્ય યુનિવર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.

  1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
  2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
  3. NALANDA OPEN UNIVERSITY (NOU). PATNA, BIHAR

4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY (YCMOU), NASHIK, MAHARASHTRA
5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
11. PT. SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAL), UTTARANCHAL
13. K. K. Handique State University, Guwahati, Assam

- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી નિયમિત અભ્યાસથી મેળવેલ લાયકાત અન્વયે નીચે મુજબના આધારો ઝીણવટપૂર્વક ચકાસવાના રહેશે. તમામ આધારોની પુષ્ટિ થયાં બાદ જ અરજી સ્વીકારવાની રહેશે.
  (1) અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી.) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
  (2) અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
  (3) અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.
  (4) અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
  (5) પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
  (6) અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
  (7) માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર.
  (8) ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે
- ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સીટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવની નીચે મુજબની જોગવાઇઓને ધ્યાને લઈ માન્ય ગણવામાં આવશે.

  “શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના

સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.”

- જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.
- કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.
- જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય અથવા ખોટા/બનાવટી દસ્તાવેજોના આધારે ફાળવણી/નિમણૂક મેળવશે તો તેની ઉમેદવારી રદ્દ થશે અને તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. વધુમાં જરૂર જણાયેથી આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠેરવવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવશે. જેની ઉમેદવારો ખાસ નોંધ લેવી.

તા.  /    /૨૦૨૪

સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક
સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને સંયુક્ત શિક્ષણ
નિયામક ગુ.રા,ગાંધીનગર

## સોગંદનામુ

## બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી માટે કરવામાં આવતી અરજી સબંધિત

## સાચા પ્રમાણપત્રો અને યોગ્ય માહિતી અંગેની સોગંદ ઉપરની બાંહેધરી

1) હું........................................... જન્મ તા. ................... રહેવાસી ........................................................................ તે આથી મારા ધર્મના સોગંદ ઉપર ગંભીરતાપૂર્વક બાંહેધરી આપુ છું કે,

2) હું સોગંદનામુ કરનાર બાહેંધરી આપુ છું કે, મારી અરજીમાં બીડાણ કરેલ તમામ પ્રમાણપત્રો (શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આવકના પ્રમાણપત્રો, જાતિના પ્રમાણપત્રો, વિગેરે સામેલ રાખેલા) સાચા અને ખરાં છે અને ઓનલાઇન અરજી કરતી વખતે તેના આધારે આપેલ માહિતી સાચી અને ખરી છે.

3) હું સોગંદનામુ કરનાર બાહેંધરી આપુ છું કે, સરકાર દ્વારા અમાન્ય કરવામાં આવેલ શૈક્ષણિક સંસ્થા કે યુનિવર્સિટીઓના કોઇપણ પ્રમાણપત્રો ધરાવતાં નથી તેમજ પ્રમાણપત્ર મળ્યા બાદ તે સંસ્થા ગેરલાયક ઠરેલ નથી.

4) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, નિમણુંક સત્તાધિકારી દ્વારા જ્યારે પણ અસલ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે અસલ પ્રમાણપત્રો રજુ કરવા હું બંધાયેલ છું.

5) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી અરજી સમયે અથવા તો નિમણૂંક પહેલા કે નિમણૂંક બાદ કોઇ પણ સમયે મારા દ્વારા રજુ કરવામાં આવેલ માહિતી કે અરજી સાથે રજુ કરેલ તમામ પ્રમાણપત્રો પૈકી કોઇપણ પ્રમાણપત્રો સરકાર દ્વારા અમાન્ય કરવામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ કે યુનિવર્સિટીના અગર તો બનાવટી જણાય તો તે જ સમયે મારી નિમણૂંક આપોઆપ રદબાદલ થશે.

6) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી નિમણૂંક બાદ મારા દ્વારા આપવામાં આવેલ માહિતી કે પ્રમાણપત્રો જે તે સમયે ખોટા અથવા અમાન્ય જણાય આવતા તે જ સમયે મારી નિમણુંક અમાન્ય ઠરશે અને સરકારશ્રી પાસેથી મેળવેલ તમામ પગાર અને ભથ્થાઓ, જેવા કે, ટી.એ./ડી.એ. કે અન્ય કોઇ નાણાકીય લાભો વાર્ષિક 12% ના વ્યાજ સાથે સરકારશ્રીની તિજોરીમાં પરત જમા કરાવીશ.

7) હું સોગંદ ઉપર બાંહેધરી આપુ છું કે, મારી નિમણૂંક બાદ વખતોવખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલી શૈક્ષણિક તાલીમો લેવા તેમજ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા હું બંધાયેલ છું.

8) હું સોગંદ ઉપર બાંહેધરી આપુ છું કે, મારી અરજી સમયેના જિલ્લો પસંદગી કરેલ હોવા છતાં તે સિવાય અન્ય કોઇપણ જિલ્લામાં સમયાંતરે જે તે જિલ્લાઓની સરકારી શાળાઓમાં શિક્ષકોની જરૂરીયાતને આધારે નિમણૂંક /ફેરબદલી માટે હું બંધાયેલ છુ અને આ અંગે મારી હર હંમેશા સંમતિ રહેશે.

9) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારા વિરૂધ્ધ ભારતની કોઇપણ અદાલતમાં હાલ કોઇ પણ ફોજદારી કાર્યવાહી પડતર નથી. તેમજ ભારતની કોઇ પણ અદાલત દ્વારા મને The Protection of Children from Sexual Offences (POSCO) Act, 2012 & Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 હેઠળના ગુનામાં દોષિત ઠરાવવામાં આવેલ નથી.

10) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી નિમણૂંક બાદ હું એવું કોઇ પણ વર્તન કે ગેરશિસ્ત નહિ આચરું કે જે નૈતિક રીતે ખોટું અથવા તો નૈતિક રીતે અધઃપતન ગણાય. જો આમાંથી કાંઇપણ ખોટું જણાય તો મને મારી ફરજમાંથી બરતરફ કરવામાં આવશે. જે અંગેની સંપૂર્ણ જવાબદારી મારી પોતાની રહેશે.

11) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો, અધિનિયમ અને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતી જોગવાઈઓનું પાલન કરવા બંધાઉ છું.

હાલનું સોગંદનામુ તા. / / ના રોજ ........................................ મુકામે કરવામાં આવેલ છે.

........................................

(સોગંદનામુ કરનાર)

**રૂ. 300ના સ્ટેમ્પ પેપર ઉપર**

## જામીનખત નમૂનો

(૧) આ લેખ ઉપરથી............................જિલ્લાની ....................................................... શાળાના સંચાલક મંડળને જણાવું છું કે, હું............................................................................................................................ રહેવાસી.........................ગામ ..........................તાલુકો.................જિલ્લો................અને ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ- ૬/ક, તા.૨૨/03/૨૦૧૭માં દર્શાવેલ શરતોને આધીન રહીને તેમજ વખતોવખત થનાર સૂચના આધિન રહીને શિક્ષણ સહાયક તરીકે નોકરીમાં દાખલ થયા પહેલાની અને પાછળની .........................જિલ્લાની .......................... તાલુકાની ....................................................... શાળામાં શિક્ષણ સહાયક તરીકેની જગ્યા પર નિમણૂંક માટે પસંદ કરાયેલા ઉમેદવાર (ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી (હવે પછી અહી સરકાર તરીકે ઉલ્લેખ કરાયેલ છે) અને સંદર્ભથી અન્યથા જરૂરી બનાવ્યું ન હોય તે સિવાયના જે શબ્દ પ્રયોગોમાં તેમના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે.) તરીકે સરકારને રૂ.3,00,000/-અંકે રૂપિયા ત્રણ લાખ પુરાની રકમ ચુકવવા માટે નીચે જણાવેલ વિગતે આ લેખથી જવાબદાર બનું છું અને તેને માટે મારી અને મારા વારસો, મૃત્યુ પત્ર ચલાવનારાઓ, વહીવટકર્તાઓ અને કાયદેસરના પ્રતિનિધિઓને બાંધુ છું.

(૨) આ યોજના દ્વારા મને ખ્યાલ આપવામાં આવ્યા પ્રમાણે બિનસરકારી અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૧૬ની તા.૧૨/૪/૨૦૧૬ની જાહેરાત અન્વયે .......................... જિલ્લાના .......................... તાલુકાની ................................................................ શાળામાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક આપવામાં આવતાં નિમણૂંક હૂકમની શરતો મુજબ હું તા.......................ના રોજ નિમણૂંક મેળવવા હાજર થયેલ છું. શિક્ષણ વિભાગના તા.૨૨/03/૨૦૧૭વાળા ઠરાવ મુજબ શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંક ત્રણ વર્ષની અંદર તેજ સંવર્ગની જગ્યા માટે ઉમેદવારી કરવા માટેની જોગવાઇઓ નક્કી કરવામાં આવેલ છે જેનું હું પાલન કરીશ.

હવે ઉપર લેખિત જામીનગીરીની શરત એવી છે કે, આ યોજના (જે યોજના આ લેખના ભાગરૂપ ગણાશે) માં જણાવ્યા પ્રમાણે મારે પાલન કરવાના બોલ તથા બજાવવાની શરતોનું હું વિધિસર અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો ઉપરની જામીનગીરી રદ થયું ગણાશે. જામીનગીરીમાં આપેલ શરતો મુજબ હું મારી ફરજ બજાવું નહી તો આ જામીનગીરી પુરેપુરી અમલમાં અને અસરકારક રહેશે.

પરંતુ હક્ક અને ઉપચારોને બાદ લાવ્યા વગર આ જામીનગીરી હેઠળ અગર ચુકવવાની રકમ જમીન મહેસુલની બાકી વસુલાત તરીકે મારી પાસેથી જો હું જામીનગીરીમાં દર્શાવેલ રકમ ભરવામાં નિષ્ફળ જાઉં તો મારા જામીન પાસેથી લેવાની સરકારને છુટ રહેશે. જેની શાખરૂપે મેં આજરોજ સને .....................માહે..................માસની .......તારીખે જામીનગીરી પર મારી સહી કરી છે.

ઉપર જણાવેલ નામવાળાએ નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું.

ઉમેદવારની સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ................તાલુકો..................જિલ્લો..................................

સાક્ષીઓની સહી

૧) સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ.................તાલુકો..................જિલ્લો.............

(૨) સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ................તાલુકો.............જિલ્લો.............

મારી રૂબરૂ

જિલ્લા શિક્ષણાધિકારી

........................................